| 13 | (Loan Code No. 17200000060 / Naroda Branch) Shivkumar Sarvdev Sharma (Borrower) Sanjaykumar Sarvadev Sharma (Co-Borrower) Rohini S Sharma (Guarantor) | All that piece and parcel of the property bearing, Flat No.5 On 2nd Floor, Area In The Scheme Known As "Bholenath Avanue" Situated At Mouje Sardar Nager, Ta. Asarwa, Dis. Ahmedabad Plot No. 497-C City Survey No.9877 Paiki Reg. Sub-Dis. & Dis. Of Ahmedabad-6 (Naroda) Gujrat 382375. **Boundaries :** East -House Of Navghan Bharvad, West - Ro House Of Gurunanak, North - Matruchaya Society, South - Internal Road | 14-04-2026 & ₹ 10,71,986/- | 23-06-2026 |

**Place : Gujarat**
**Date : 26.06.2026**

**Authorised Officer**
**Aadhar Housing Finance Limited**

ધુવારણ પાસે મહી નદી પર ભવ્ય બેરેજ બનશે તેનાથી ખારાશ ઘટશે અને અંતરમાં ૭૫ કિમીનો મોટો ઘટાડો થશે

# મહી નદી પર રૂ. ૧૭૦૦ કરોડના ખર્ચે ‘બદલપુર-કારેલી બેરેજ કમ બ્રિજ’ સાકાર થશે

● અમદાવાદ,તા.૨૫

ગુજરાત સરકારે, આણંદ જિલ્લામાં મહી નદી ઉપર ધુવારણ પાસે 'બદલપુર-કારેલી બેરેજ કમ બ્રિજ'ના નિર્માણ માટે અંદાજિત રૂ. ૧૭૦૦ કરોડની રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે ૪.૫ કિલોમીટરની પહોળાઈ ધરાવતાં મહી નદીના પટમાં વચ્ચે ૨ (બે) કિલોમીટરની લંબાઈનું બ્રિજનું સ્ટ્રક્ચર બનાવવામાં આવશે. જેમાં નદીના વહેણને નિયંત્રિત કરવા અને ચોમાસા દરમિયાન વહી જતા મીઠા પાણીનો મહત્તમ સંગ્રહ કરી શકાય તે માટે અંદાજિત ૭૦ જેટલા દરવાજા મૂકવામાં આવશે. જ્યારે બાકીના વિસ્તારમાં પ્રોટેક્શન બંધ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટમાં પૂર નિયંત્રણ ટેક્નોલોજી અને મજબૂત ક્રોસ-વે સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. જેથી ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં પણ વાહનવ્યવહાર અને પાણીનો સંગ્રહ સુરક્ષિત રહી શકશે.

આ યોજનાની સૌથી મોટી વિશેષતા તેની વિશાળ જળ સંગ્રહ શક્તિ છે. બેરેજનું નિર્માણ થવાથી અંદાજે ૧૮૩ મિલિયન ઘન મીટર (મી.ઘન મી.) જેટલા મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે. દર વર્ષે મહી નદીનું લાખો લીટર મીઠું પાણી દરિયામાં વહી જતું હતું, તેને આ બેરેજ દ્વારા રોકી શકાશે. હાલમાં આ વિસ્તારના લોકોના પીવાના પાણીનો મુખ્ય આધાર કડાણા ડેમ આધારિત છે પરંતુ આ બેરેજનું નિર્માણ થવાની લોકોની પીવાના પાણીની કડાણા ડેમ ઉપરની આત્મનિર્ભરતા ઘટશે અને આ સંગ્રહિત પાણી આસપાસના વિસ્તારો માટે આશીર્વાદરૂપ બનશે.

હાલમાં આ વિસ્તારમાં દરિયાનું પાણી સીંધરોટ વીયર સુધી એટલે કે, અંદાજિત ૫૦ કિ.મી. સુધી અંદર આવી જાય છે. લાંબા સમયથી દરિયાઈ ભરતીના કારણે આ જમીનોમાં સેલેનીટી (ખારાશ) એક મોટી સમસ્યા રહી છે. આ બદલપુર બેરેજના નિર્માણથી મીઠા પાણીનો મોટો સંગ્રહ થવાના કારણે જમીનની ખારાશનો પ્રશ્ન કાયમી ધોરણે હલ થઈ જશે. તેના પરિણામે આશરે ૧૯,૦૦૦ હેક્ટર જેટલો વિશાળ વિસ્તાર સીધો લાભિત થશે. મીઠા પાણીના પ્રભાવથી ભૂગર્ભ જળની ગુણવત્તામાં પણ તબક્કાવાર મોટો સુધારો આવશે. ખારાશ ઘટતાં ખેડૂતો વર્ષમાં બહુવિધ પાક લઈ શકશે, જેનાથી સ્થાનિક કૃષિ ક્ષેત્રે એક નવી હરિયાળી ક્રાંતિ આવશે અને જમીનની ફળદ્રુપતા પુનઃ જીવંત થશે.

આ યોજનાથી કોને લાભ થશે ?

-- આણંદ જિલ્લાના ૪૨ ગામો, વડોદરા જિલ્લાના ૩૦ ગામો, ભરૂચ જિલ્લાના ૮ ગામો મળી અંદાજે ૮૦ જેટલા ગામોના ૧૫ લાખ લોકોને પીવાનું પાણી પૂરું પાડી શકાશે.

-- આ પ્રોજેક્ટના પરિણામે માત્ર પાણીનો સંગ્રહ જ નહી થાય પરંતુ એક મહત્વપૂર્ણ કનેક્ટિવિટી બ્રિજ તરીકે પણ તે કામ કરશે.

-- ખંભાત અને તારાપુરથી જંબુસર અને દહેજ ઔદ્યોગિક વસાહત વચ્ચેના વાહનવ્યવહારના અંતરમાં અંદાજે ૭૫ કિલોમીટરનો ધરખમ ઘટાડો થઈ જશે.

-- આ અંતર ઘટવાથી દરરોજ હજારો લિટર ઈંધણ (પેટ્રોલ-ડીઝલ) ની બચત થશે અને કિંમતી સમય પણ બચશે.

-- દહેજ પીસીપીઆઈઆર (PCPIR) અને ખંભાત-તારાપુર પટ્ટા વચ્ચે માલસામાનની હેરફેર ઝડપી બનતા વેપાર-ઉદ્યોગને મોટો વેગ મળશે.

-- આણંદના ૧૫૨, વડોદરાના ૧૬૪ અને ભરૂચના ૮૧ મળીને કુલ ૪૦૯ જેટલા ગામો અને ૩૨ તળાવોને આ યોજનાનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ મળશે.

# નોન-ઇન્ટરલોકિંગ કાર્ય માટે પ્રારંભિક તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે , ૩૦ જૂને સિગ્નલિંગ સિસ્ટમ અપગ્રેડ કરવામાં આવશેઃ ડીઆરએમ રાજુ ભડકે




● વડોદરા, તા. ૧૫

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગ દ્વારા વડોદરા રેલ્વે સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગનું કામ ચાલી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય કાર્યક્ષમ કાર્યક્ષમતા વધારવા અને મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ અધિકારીઓ અને રેલ્વે એન્જિનિયરો સાથે વડોદરા સ્ટેશન યાર્ડની મુલાકાત લીધી હતી અને કાર્યની પ્રગતિની સમીક્ષા કરી હતી. નિરીક્ષણ દરમિયાન, તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે રેલ કામગીરી પર ઓછામાં ઓછી અસર પડે અને કામ દરમિયાન મુસાફરોને ઓછામાં ઓછી અસુવિધા થાય. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકે, સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર શ્રીમતી રિની, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર શ્રી સુમિત ઠાકુર , સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન) શ્રી નલિન લોચન ગુપ્તા , સિનિયર ડિવિઝનલ સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર શ્રી વિપુલ ગુપ્તા દ્વારા કાર્યની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

ડેપ્યુટી ચીફ સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર શ્રી અપૂર્વ તિવારી , ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર (જનરલ) પરવેઝ ખાન , સિનિયર ડિવિઝનલ એન્જિનિયર શ્રી આભાસ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ જણાવ્યું હતું કે આ મહત્વપૂર્ણ યાર્ડ રિમોડેલિંગ પ્રોજેક્ટમાં, ગુણવત્તા અને સલામતીના ધોરણો સાથે, તમામ પ્રી-ઈન્ટરલોકિંગ કાર્ય સમયસર પૂર્ણ થાય તેની ખાતરી કરવા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. નોન-ઈન્ટરલોકિંગ કાર્ય ૩૦ જૂનથી શરૂ થશે અને વડોદરા સ્ટેશન પર સિગ્નલિંગ સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવશે. મુસાફરોની સુવિધા માટે, હાલમાં પ્લેટફોર્મ ૪ અને ૫ ની લંબાઈ વધારવાનું કામ ચાલી રહ્યું છે. આનાથી આ પ્લેટફોર્મ પર ૨૨ કોચ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. હાલમાં, પ્લેટફોર્મ ૪ ૪૯૮ મીટર લાંબો છે અને તેને ૫૯૨ મીટર સુધી લંબાવવામાં આવશે . તેવી જ રીતે, પ્લેટફોર્મ ૫ ને તેના વર્તમાન ૪૯૮ મીટરથી ૫૬૮ મીટર સુધી લંબાવવામાં આવશે. ટર્નઆઉટ , સિગ્નલ અને ઓવરહેડ વાયરને ખસેડવાનું કામ ચાલી રહ્યું છે .

પ્લેટફોર્મ ૫ અને ૬ પર ટ્રેન કામગીરી સ્થગિત કરવામાં આવી છે.આ યાર્ડ રિમોડેલિંગ અને પ્લેટફોર્મ વિસ્તરણ કાર્ય વડોદરા સ્ટેશનની કાર્યકારી ક્ષમતાને વધુ મજબૂત બનાવશે અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતો અનુસાર વધુ સારી અને વધુ કાર્યક્ષમ રેલ સેવાઓ પૂરી પાડવામાં મદદ કરશે.

# ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રવ્યાપી "છાત્રો કી ગૂંજ" અભિયાનનો પ્રારંભ

● અમદાવાદ, તા. ૨૫

ભારત દેશમાં નીટ પરીક્ષાના પેપર લીક થવાના લીધે અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે ખતરો ઊભો થયો છે. જેના પરિણામે કોંગ્રેસ દ્વારા અમદાવાદ ખાતે 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ અંગે મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય સતેજ પાટીલે અને અમદાવાદ શહેર સંયોજક શૈષ નારાયણ ઓઝાએ તેમજ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ પત્રકાર પરિષદમાં વિસ્તૃત માહિતી આપી હતી.

મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય સતેજ પાટીલે જણાવ્યું હતું કે, હાલના સમયમાં ભાજપ સરકારની ભ્રષ્ટનીતિના લીધે અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય સામે ખતરો ઊભો થયો છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને પેપર લીક માફિયા સાથેના સંબંધોની તપાસની માંગ કરવામાં આવી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે આજે રાષ્ટ્રવ્યાપી "છાત્રો કી ગૂંજ" અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ ૪૦ દિવસનું અભિયાન દેશના ૨૮ મુખ્ય શહેરોમાં વિદ્યાર્થીઓ, ઉમેદવારો, કોચિંગ હબ, કોલેજ કેમ્પસ, પુસ્તકાલયો અને યુવા જૂથો વચ્ચે ચલાવવામાં આવશે.

હાલની પરીક્ષા વ્યવસ્થા પર આકરા પ્રહાર કરતા વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આ અભિયાન એવા વિદ્યાર્થીઓ અને નોકરીના ઉમેદવારોનો અવાજ છે જેમની મહેનત વારંવાર પેપર લીક, પરીક્ષા રદ થવી, પરિણામમાં વિલંબ, ભરતી અટકી જવી અને એનટીએ (NTA) ની નિષ્ફળતાને કારણે બરબાદ થઈ રહી છે. વિદ્યાર્થીઓ કોઈ ઉપકાર નથી માંગી રહ્યા. તેઓ માત્ર નિષ્પક્ષ પરીક્ષા અને નિર્ધારિત સમયે ભરતીની માંગ કરી રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે આ કૌભાંડ બાદ દેશભરમાં ૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી. ઘણા વિદ્યાર્થીઓએ તેમની સુસાઈડ નોટમાં વ્યવસ્થાથી તૂટી જવા અને ભવિષ્યના અંધકારનો ઉલ્લેખ કર્યો છે. આમ છતાં, દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ન તો નૈતિક જવાબદારી લીધી કે ન તો રાજીનામું આપ્યું, તાજેતરમાં એક મીડિયા ઇન્ટરવ્યૂમાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પોતે સ્વીકાર્યું કે "વિદ્યાર્થીઓની આત્મહત્યા માટે હું જવાબદાર છું, આ વ્યવસ્થા અમે જ વિદ્યાર્થીઓને આપી છે." જ્યારે જવાબદારી સ્વીકારી લેવામાં આવી છે, તો પછી રાજીનામું કેમ ન આપ્યું તેવો સવાલ કર્યો છે.

પેપર લીક હવે અલગ ઘટના નથી, રાષ્ટ્રીય પેટર્ન છે તે અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતા શૈષ નારાયણ ઓઝા એ જણાવ્યું હતું કે, દેશમાં ૧૦ વર્ષમાં ૮૯ પેપર લીક કેસ સામે આવ્યા છે અને ઓછામાં ઓછા ૬.૫ કરોડ ઉમેદવારો પ્રભાવિત થયા છે. જેમાં લગભગ ૪૮ પરીક્ષાઓમાં રીટેસ્ટ થયા અને ૨૨ પરીક્ષાઓ આયોજિત થયા પહેલા જ રદ થઈ ગઈ. એક મીડિયા રિપોર્ટ અનુસાર, ૨૦૧૯ પછી નીટ ૨૦૨૪ ને બાદ કરતાં ઓછામાં ઓછી ૬૪ મોટી પરીક્ષાઓ પેપર લીકના આરોપોથી પ્રભાવિત થઈ હતી અને આ કેસ ૧૯ રાજ્યોમાં ફેલાયેલા છે. તેમાં ૪૫ સરકારી ભરતી પરીક્ષાઓ હતી અને ઓછામાં ઓછી ૨૭ પરીક્ષાઓ રદ અથવા સ્થગિત કરવામાં આવી હતી.

# આનંદનગરના TCF શો-રૂમમાંથી ૧૪.૪૨ લાખનો ડુપ્લીકેટ મુદ્દામાલ ઝડપાયો

● અમદાવાદ,તા.૨૫

અમદાવાદના પશ્ચિમ વિસ્તારના હબ ગણાતા આનંદનગરમાંથી હાઈ-પ્રોફાઈલ બ્રાન્ડેડ કપડાંના ડુપ્લીકેટ કૌભાંડનો પર્દાફાશ થતાં વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય રીતે જે બ્રાન્ડના શર્ટ કે ટી-શર્ટ શો-રૂમમાં હજારો રૂપિયામાં મળતા હોય છે, તેવી વિશ્વપ્રસિદ્ધ ઈન્ટરનેશનલ બ્રાન્ડ્સના લોગો લગાવીને સસ્તા અને નકલી કપડાં ઊંચા ભાવે વેચવાનું એક મોટું નેટવર્ક આનંદનગર વિસ્તારમાં ધમધમી રહ્યું હોવાની ચોક્કસ બાતમી એન્ફોર્સમેન્ટ ટીમને મળી હતી. જે ઊંડાણપૂર્વકની તપાસ બાદ પોલીસે આ રેડ ઓપરેશન પાર પાડ્યું છે.આનંદનગરમાં આવેલા 'TCF' એટલે કે ‘ધ ક્લોસેટ ફેશન‘ નામના શો-રૂમમાં ઈન્ટરનેશનલ કંપનીઓની નકલી પ્રોડક્ટ્સનું મોટું કલેક્શન ગ્રાહકોને અસલી કહીને પધરાવવામાં આવતું હતું. કંપનીઓની સત્તાવાર એન્ફોર્સમેન્ટ વિંગ અને સ્થાનિક પોલીસે સંયુક્ત પ્લાનિંગ કરીને આ શો-રૂમ પર ઓચિંતી રેડ પાડી હતી. રેડ દરમિયાન શો-રૂમના કાઉન્ટર અને ગોડાઉનમાંથી ‘પોલો રાલ્ફલોરેન‘ બોસ‘ ‘ગેન્ટ‘ ‘લેકોસ્ટે‘ અને ‘બર્બેરી’જેવી વૈશ્વિક બ્રાન્ડના ડુપ્લીકેટ લોગો વાળા કપડાંનો મોટો જથ્થો લાઈવ પકડાયો હતો.પોલીસે સર્ચ ઓપરેશન દરમિયાન માત્ર શર્ટ કે ટી-શર્ટ જ નહીં, પરંતુ નકલી બ્રાન્ડેડ પેન્ટ, મોંઘા ગોગલ્સ (ચશ્મા), લેધર પર્સ, મોજા અને પ્રીમિયમ ટોપીઓ સહિત કુલ રૂપિયા ૧૪.૪૨ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી સીલ કર્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ નેટવર્ક પાછળ શો-રૂમના સંચાલકો આનંદ મહેશભાઈ ચંચલાની અને નરેશભાઈ શંકરભાઈ ચંચલાણી મુખ્ય સૂત્રધાર છે.

# કેન્દ્ર સરકારે ગુજરાતના ૧૭ અધિકારીઓને આઇએએસ કેડરમાં નિયુક્તીને મંજૂરી આપી, હવે પોસ્ટિંગ કરાશે

● અમદાવાદ,તા.૨૫

ગુજરાતના વહીવટી તંત્ર માટે મહત્વપૂર્ણ નિર્ણયરૂપે કેન્દ્ર સરકારે રાજ્ય વહીવટી સેવાના ૧૭ અધિકારીઓને આઈએએસ કેડરમાં સામેલ કરવાની મંજૂરી આપી છે. વર્ષ ૨૦૨૫ની પસંદગી યાદી હેઠળ થયેલી આ નિમણૂકો બાદ તમામ અધિકારીઓને ટૂંક સમયમાં વિવિધ જગ્યાઓ પર પોસ્ટિંગ આપવામાં આવશે.

મળતી માહિતી મુજબ નિમણૂંક પામેલા અધિકારીઓમાં આરએન કુછરા, આરપી પટેલ, સીબી ગણાત્રા, સીએ ગાંધી, બીએન પટેલ, એમકે જોશી, એકે જોશી, કેએસ ઝાલા, વીકે જાદવ, ડીકે પટેલ, બીએચ પટેલ, આઈઆર વાળા, એમડી ચૂડાસમા, બીએસ પ્રજાપતિ, વીજી પટેલ, એકે વસતાણી અને પીબી રાઠોડનો સમાવેશ થાય છે.

નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ નિયુક્તિઓ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ કેટલીક વિશેષ નાગરિક અરજીઓના અંતિમ ચુકાદાઓને આધીન રહેશે. એટલે કે, સંબંધિત કેસોના પરિણામ બાદ જરૂરી હોય તો આગળની કાર્યવાહી થઈ શકે છે.

નિમણૂંક મેળવેલા તમામ અધિકારીઓ હાલ પ્રોબેશન પર રહેશે. આ ઉપરાંત તેમની સિનિયોરિટી અને એલોટમેન્ટ વર્ષ નક્કી કરવા માટે ગુજરાત સરકારને જરૂરી દસ્તાવેજો મોકલવા માટેની સૂચના આપવામાં આવેલી છે.

ઉપરોક્ત નિમણૂંક પામેલા તમામ અધિકારીઓને ટૂંક સમયમાં જ પોસ્ટિંક આપવામાં આવશે તેવા પણ અહેવાલ સામે આવી રહ્યા છે.

વડોદરા જિલ્લાની લખપતિ દીદીઓ વિકાસલક્ષી યોજનાના સાચા લાભાર્થી બની જિલ્લાના આર્થિક વિકાસની કરોડરજ્જુ બનીઃ વડોદરા જિલ્લામા કુલ ૯૭૬૫ સ્વ સહાય જુથો કાર્યરત

# વાઈબ્રન્ટ ગુજરાતના વિઝનને સાકાર કરતી વડોદરા જિલ્લાની કુલ-૨૧,૭૩૯ ‘લખપતિ દીદીઓ’

● આલેખન-વૈશાલી પરમાર

● વડોદરા, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન હંમેશાં મહિલા સંચાલિત વિકાસ પર કેન્દ્રિત રહ્યું છે, જ્યાં ગ્રામિણ મહિલાઓ વિકાસલક્ષી યોજનાના સાચા લાભાર્થી બની દેશના આર્થિક વિકાસની કરોડરજ્જુ બનાવવાનો છે. લખપતિ દીદી યોજનાએ આ જ વિઝનને સાકાર કરતું એક મહત્વપૂર્ણ પગલું છે. વડાપ્રધાનશ્રી સહિત વડોદરા જિલ્લા તંત્રનું વિઝન ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને ડ્રોન દીદી, આઈટી દીદી અને ઉદ્યોગસાહસિક બનાવી જિલ્લાના આર્થિક અને સામાજિક બદલાવના મુખ્ય ભાગીદાર બનાવવાનું છે. ત્યારે વડોદરા જિલ્લાની સ્વસહાય જુથની બહેનો આ વિઝનને સાકાર કરતી માલુમ પડે છે.

વડોદરા જિલ્લામા કુલ ૯૭૬૫ સ્વ સહાય જુથ છે. જેમાં તાલુકાવાર જોઈએ તો, વડોદરા તાલુકામા કુલ ૨૪૬૦ સખી મંડળ કાર્યરત છે. વાઘોડિયા તાલુકા ૧૯૬૭, ડભોઈ તાલુકા ૯૪૧, પાદરા તાલુકા ૧૩૨૭, કરજણ તાલુકા ૭૮૬, શિનોર તાલુકા ૩૬૦, અને ડેસર તાલુકામા ૭૬૩, સખી મંડળ કાર્યરત છે.

જેમાંથી કુલ-૨૧૭૩૯ બહેનો લખપતી દીદી તરીકે ઓળખાય છે. આ લખપતી દીદીઓ વિવિધ પ્રકારના ગૃહ ઉદ્યોગોથકી આજીવીકા કમાઈ છે. જેમા ખાસ કરીને જ્યુટ પ્રોડક્ટ, નેચરલ સરબત, વિવિધ પ્રકારના ખાખરા, નેચરલ સાબુ, અગરબતી, જવેલરી, કેન્ડલ બનાવટ, વિવિધ પ્રકારના અથાણા, મીલેટ, વિવિધ મસાલા, ડેરી પ્રોડક્ટ, પોલ્ટ્રીફાર્મ, ડેરી, વર્મી કમ્પોસ્ટ, ડાભના આસન, ફ્લોર ક્લીનર, ફાઈલ બનાવટ, વાઘા બનાવટ, કેન્ટીન અને કેટરિંગ વગેરે પ્રકાર કાર્યરત છે.

જે પૈકી એક લખપતી દીદી છે વડોદરા તાલુકાના સયાજીપુરા ગામમાં આવેલ "આધ્ય શક્તિ સખીમંડળ"ના રાધાબેન ઠાકોર. તેઓના સખી મંડળમાં ૧૧ બહેનો છે જે આજે સરકારશ્રી અને જીએલપીસીના સહકારથી આત્મનિર્ભરતા તરફ સફળતાપૂર્વક આગળ વધી રહી છે. આ મંડળના સભ્ય ઠાકોર રાધાબેનની સંઘર્ષ અને સફળતાની કહાની ગ્રામીણ મહિલાઓ માટે પ્રેરણારૂપ છે. છેલ્લા ત્રણ વર્ષથી મંડળમાં જોડાયેલા રાધાબેનની આર્થિક પરિસ્થિતિ શરૂઆતમાં ખૂબ જ નબળી હતી તેઓના પતિ સ્કુલ વાન ચલાવતા અને બે બાળકો અને સાસુમા સાથે પાંચ સભ્યોનુ પરીવાર જેમ તેમ ચાલતુ. રાધાબેન પાસે રસોઈ બનાવવાની આવડત હતી. જેના થકી આસપડોસમા તથા કેટરીંગમા હેલ્પર તરીકે જતા હતા.

જીએલપીસીના તાલુકા કક્ષાના એક કર્મચારીએ બહેનની પરિસ્થિતી અને તેઓની આવડતને જોઈ મિશન મંગલમ હેઠળ સખી મંડળમા જોડાવા સલાહ આપી. જેમની મદદથી રાધાબેન છેલ્લા ૩ વર્ષથી "આધ્ય શક્તિ સખીમંડળ"માં મંત્રી તરીકે સેવા આપે છે અને ૧૧ બહેનો મળી ‘સૌમ્યા ગૃહ ઉદ્યોગ’નામથી ખાખરાનો લઘુ ઉદ્યોગ ચલાવે છે.

# બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવા કોન્સ્ટેબલ રૂપિયા ૨૫૦૦૦ની લાંચમાં ઝડપાયો

● વડોદરા,તા.૨૫

સાયબર ક્રાઈમમાં ફ્રીઝ થયેલ બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલને વેપારી પાસેથી રૂા.૨૫ હજારની લાંચ લેતા એસીબીએ ઝડપી પાડયો છે.પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વરના એક વેપારીનું વેપાર સંબંધિત બેંક એકાઉન્ટ સાયબર ક્રાઈમ દ્વારા ફ્રીઝ કરવામાં આવ્યું હતું. આ એકાઉન્ટ અનફ્રીઝ કરાવવા બાબતે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનની ભદકોદરા પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ સુનિલ ઈશ્વરભાઈ પરમાર વેપારીનો ફોન પર વારંવાર સંપર્ક કરી લાંચની માંગણી કરતો હતો.દરમિયાન થોડા દિવસો પહેલા કોન્સ્ટેબલ સુનિલ પરમાર વેપારીને રૂબરૂ મળ્યો હતો અને બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે રૂા.૨૫ હજારની લાંચની માંગણી કરી હતી. જો કે વેપારી લાંચની રકમ આપવા માંગતા નહી હોવાથી તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કર્યો હતો. આ અંગે વડોદરાની એસીબી કચેરીના ફિલ્ડ પીઆઈ એ.એન. પ્રજાપતિએ મદદનીશ નિયામક બી.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ લાંચનું છટકું ગોઠવ્યું હતું.

આજે સાંજે વાલીયા ચોકડીથી ભરૂચ જતા રોડ પર આવેલી દુકાનની બહાર કોન્સ્ટેબલ લાંચની રકમ લેવા આવ્યો અને હેતુલક્ષી વાતચીત કર્યા બાદ રકમ લેતાં જ એસીબીએ કોન્સ્ટેબલને લાંચની રકમ સાથે રંગે હાથ ઝડપી પાડયો હતો.


**STYRENIX PERFORMANCE MATERIALS LIMITED**

CIN : L25200GJ1973PLC002436

Registered Office : 9th Floor, “Shiva”, Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi, Vadodara - 390023, Gujarat. | Tel. No : +91 265 2303201 / 2303202
Email : secshare@styrenix.com | Website : www.styrenix.com

**SPECIAL WINDOW FOR TRANSFER AND DEMATERIALISATION OF PHYSICAL SECURITIES**

**Notice** is hereby given that pursuant to SEBI Circular HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 dated January 30, 2026 (“SEBI Circular”), an another a special window has been opened for a period commencing from February 05, 2026 to February 04, 2027 for transfer and dematerialization (“demat”) of physical securities which were purchased prior to April 01, 2019 and had not lodged the shares for transfer; or had lodged the shares for transfer, but the same were rejected/returned/not attended to due to deficiency in the documents/process/or otherwise.

Applicability of the Special Window :

For clarity with regard to applicability of this window, investors may refer to the below matrix :

| Execution Date of Transfer Deed | Lodged for transfer before April 01, 2019? | Original Security Certificate Available? | Eligible to lodge in the current window? |
|---|---|---|---|
| Before April 01, 2019 | No (it is fresh lodgement) | Yes | Yes (Subject to condition stated in the SEBI Circular) |
| | Yes (it was rejected / returned earlier) | Yes | |
| | Yes | No | No |
| | No | No | No |

Further, the following cases will not be considered under this window :
- Cases involving disputes between transferor and transferee.
- Securities which have been transferred to Investors Education and Protection Fund (IEPF)

The securities transferred during this window period shall be credited in demat form and shall be under lock-in for a period of one year from the date of registration of transfer.

**UPDATION OF KYC AND CONVERSION OF PHYSICAL SHARES INTO DEMATERIALISEO FORM :**

As initiated by IEPFA “Saksham Niveshak- Second Hundred (100) days campaign” Shareholders holding equity shares in physical form are encouraged to update their KYC details / bank mandates and contact information and the shareholders who hold shares in demat form are requested to approach their Depository Participants where they maintain their demat account for updating their KYC requirements to facilitate the direct payment of dividend / unclaimed dividends and to prevent transfer of shares or dividend to IEPFA. The Shareholders are also encourage to convert their physical shares into dematerialised (electronic) form. Holding shares in demat form offers multiple benefits and eliminates the risks associated with physical share certificates.

Investors / shareholders with respect to aforementioned timeline for re-lodging their documents for transfer of securities and updation of KYC as mentioned above, are requested to contact the Company’s Registrar and Share Transfer Agent (‘RTA’), MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) at their email ID investor.helpdesk@in.mpms.mufg.com or at their office at “Geetakunj, 1, Bhakti Nagar Society, Behind Abs Tower, Old Padra Road, Vadodara - 390015 or the company at secshare@styrenix.com.

By order of the Board
**For Styrenix Performance Materials Limited**
sd/-
**Chintan Doshi**
Manager Legal and Company Secretary

Date : June 25, 2026
Place : Vadodara


# દેશવ્યાપી ઉપસ્થિતિ ધરાવતી વિનરોક્સ ભારત ઉપરાંત અમેરિકા, યુકે, ઓસ્ટ્રેલિયા, ચીન, બ્રાઝિલ અને મેક્સિકો જેવા દેશોમાં પણ પોતાના ઉત્પાદનોની નિકાસ કરે છે

# વડોદરા સ્થિત વિનરોક્સ ટેક્નોલોજીસએ વિશ્વસનીય ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ પાર્ટનર તરીકે બનાવ્યું મજબૂત સ્થાન




● વડોદરા, તા.૨૫

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમીટનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સ્થાનિક સ્તરે રોજગારીની તકો ઊભી કરવાનો અને વૈશ્વિક રોકાણકારોને સીધા સ્થાનિક ઉદ્યોગો સાથે જોડવાનો છે. વડોદરા ગુજરાતનું એક મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર છે, જે પેટ્રોકેમિકલ્સ, રસાયણ, ટેક્સટાઈલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ઈજનેરી ઉદ્યોગો માટે જાણીતું છે. તે સમગ્ર ગુજરાત અને ભારતભરના ઉદ્યોગોને આકર્ષે છે. હાલ વડોદરામાં મધ્ય ઝોનની ચાલી રહેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમીટમાં વડોદરા જિલ્લાની અનેક ઈન્ડસ્ટ્રીઝ સામેલ થઈ છે જે વર્ષોથી સ્થાનિક લોકોને રોજગારી આપવાની સાથે નવા ઉધ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરે છે.

વડોદરા સ્થિત વિનરોક્સ ટેક્નોલોજિસ પ્રા.લિ. (Vinrox Technologies Pvt. Ltd.) ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સર્વિસિસ (EMS) ક્ષેત્રની અગ્રણી કંપની તરીકે વૈશ્વિક ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ.

કેન્દ્ર સરકારે ફીમાં કર્યો વધારો : સ્ટાન્ડર્ડ ફી રૂપિયા ૧,૫૦૦ થી વધારીને રૂપિયા ૨,૫૦૦ કરવામાં આવી

# હવે નવો પાસપોર્ટ બનાવવો પડશે વધુ મોંઘો

● અમદાવાદ, તા.૨૫

હવે તમે વિદેશ પ્રવાસે જવાનું આયોજન કરી રહ્યા છો અથવા નવો પાસપોર્ટ મેળવવાનું વિચારી રહ્યા છો, તો તમારા માટે કેટલાક મહત્વપૂર્ણ સમાચાર છે. કેન્દ્ર સરકારે કરેલ એક એવો નિર્ણય તમારા આ આયોજનને અસર કરી શકે છે. આગામી ૧ જુલાઈ, ૨૦૨૬ થી પાસપોર્ટ મેળવવાનું મોંઘુ થશે. કેન્દ્ર સરકારે પાસપોર્ટ નિયમોમાં સુધારાના ભાગ રૂપે ફી વધારવાનો નિર્ણય લીધો છે.

પાસપોર્ટ નિયમો, ૧૯૮૦ માં સુધારો કરીને, સરકારે પાસપોર્ટ અને મુસાફરી દસ્તાવેજો માટેની ફીમાં વધારો કર્યો છે. સુધારેલા શુલ્ક ભારતના ગેઝેટ (અસાધારણ) માં સૂચિત કરવામાં આવ્યા છે. નવી ફી અનુસૂચિ ૈંફ માં સૂચિબદ્ધ છે. હવે તમારે ‘સામાન્ય’ અને ‘તત્કાલ’ પાસપોર્ટ બંને માટે વધુ ચાર્જ ચૂકવવા પડશે. સરકારી સૂચના અનુસાર, નવા અથવા ફરીથી જારી કરાયેલા ૩૬ પાનાના પાસપોર્ટ માટેની સ્ટાન્ડર્ડ ફી રૂપિયા ૧,૫૦૦ થી વધારીને રૂપિયા ૨,૫૦૦ કરવામાં આવી છે. એટલે કે નવા પાસપોર્ટ માટે અરજી કરનારા અરજદારોએ હવે વધારાના રૂપિયા ૧,૦૦૦ ખર્ચ કરવા પડશે. દરમિયાન, ‘તત્કાલ’ સેવા પસંદ કરનારાઓએ રૂપિયા ૩,૫૦૦ ને બદલે રૂપિયા ૫,૦૦૦ ચૂકવવા પડશે. આ શ્રેણી માટેની ફી રૂપિયા ૧,૫૦૦ નો વધારો કરવામાં આવ્યો છે.

વધુમાં, ૬૦ પાનાના પાસપોર્ટ કે જેનો ઉપયોગ વારંવાર વિદેશ પ્રવાસ કરતા ભારતીય પ્રવાસીઓ દ્વારા કરવામાં આવે છે. તેવા પાસપોર્ટ માટેની ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

સ્ટાન્ડર્ડ પાસપોર્ટ માટેની અરજી માટેની ફી રૂપિયા ૨,૦૦૦ થી વધારીને રૂપિયા ૩,૫૦૦ કરવામાં આવી છે. જ્યારે ‘તત્કાલ’ પાસપોર્ટ માટેની અરજી માટેની ફી રૂપિયા ૪,૦૦૦ થી વધારીને રૂપિયા ૬,૦૦૦ કરવામાં આવી છે. આનો અર્થ એ થયો કે હવે લોકોએ પાસપોર્ટ માટે પણ વધુ ખર્ચ કરવો પડશે.

# હરેન પંડ્યા હત્યા કેસઃ દોષિત અસગરની સજા માફી અરજી પર ગુજરાત હાઇકોર્ટનો રાજ્ય સરકારને ૬ મહિનામાં નિર્ણય લેવાનો આદેશ

● અમદાવાદ,તા.૨૫

ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યા કેસમાં દોષિત ઠરાવવામાં આવેલા મોહમ્મદ અસગર અલીની સજા માફીની અરજીને લઈને ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને અરજદારની રજૂઆત પર કાયદા મુજબ વિચાર કરીને છ મહિનાની અંદર યોગ્ય નિર્ણય લેવા નિર્દેશ કર્યો છે.

મોહમ્મદ અસગર અલી હાલ આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. તેણે રજૂઆત કરી હતી કે જેલમાં ૧૪ વર્ષથી વધુ સમય પસાર કર્યો છે અને જેલમાં તેનું વર્તન પણ સંતોષકારક રહ્યું છે. આ કારણોસર તેણે વહેલી મુક્તિ માટે સજા માફીનો લાભ આપવા સરકાર સમક્ષ અરજી કરી હતી. જોકે લાંબા સમય સુધી કોઈ નિર્ણય ન લેવાતા તેણે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

હરેન પંડ્યાની હત્યા બાદ થયેલી તપાસમાં કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન અન્ય અનેક આરોપીઓ સામે પણ આઈપીસી અને પીઓટીએ હેઠળ ગુના નોંધાયા હતા. આ કેસ સાથે વીએચપી કાર્યકર જગદીશ તિવારી પર થયેલા હુમલાનો કેસ પણ જોડાયો હતો અને બંને ઘટનાઓને એક જ ષડયંત્રનો ભાગ ગણાવી કાર્યવાહી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૭માં સીબીઆઈ કોર્ટે અસગર અલી સહિત અનેક આરોપીઓને દોષિત ઠેરવી સજા ફટકારી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં ગુજરાત હાઈકોર્ટે હત્યા કેસમાં આરોપીઓને રાહત આપી હતી, પરંતુ વર્ષ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો નિર્ણય રદ કરીને તમામ ૧૨ આરોપીઓને ફરી દોષિત ઠેરવ્યા હતા અને આજીવન કેદની સજા ભોગવવા આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો.રાજ્ય સરકારે હાઈકોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે અસગર અલીની સજા માફીની અરજી હાલમાં વિચારાધીન છે અને એડવાઈઝરી કમિટીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંબંધિત સત્તાધિકારી સમક્ષ અંતિમ નિર્ણય માટે રજૂ કરવામાં આવશે.

આ દરમિયાન હાઈકોર્ટે વર્ષ ૨૦૦૧માં કચ્છ સરહદેથી વિસ્ફોટક સામગ્રી સાથે ઝડપાયેલા અને આજીવન કેદની સજા ભોગવી રહેલા લશ્કર-એ-તૈયબાના ઓપરેટિવ શાહનવાઝ ભટ્ટીની સજા માફીની અરજી પર પણ રાજ્ય સરકારને છ મહિનાની અંદર નિર્ણય લેવા સૂચના આપી છે.હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સજા માફી સંબંધિત અરજીઓ પર કાયદાકીય જોગવાઈઓ અનુસાર સમયસર નિર્ણય લેવો જરૂરી છે અને વિલંબ ટાળવો જોઈએ.


**ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ**

Corporate Identity Number (CIN): L24231GJ1992PLC018237

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસઃ સર્વેનંબર ૧૪૪–એ, જરોદ–સમલાયા રોડ, વિલ. હરીપુરા, તા. સાવલી, વડોદરા–૩૯૧૫૨૦, ગુજરાત, ભારત. સંપર્ક નંબરઃ +૯૧ ૯૯૦૯૯૮૨૩૩૨ ઈમેલઃ cs@bplindia.in વેબસાઈટઃ www.bplindia.in

**જાહેર નોટીસ**

આથી સૂચના આપવામાં આવે છે કે SEBI પરિપત્ર HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 તારીખ જાન્યુઆરી ૩૦,૨૦૨૬ કંપની દ્વારા સિક્યોરિટી ધારકના નામે રાખેલી સિક્યોરિટીઝ તેમના નામે ટ્રાન્સફર કરવા માટે નીચે મુજબની વિનંતી પ્રાપ્ત થઈ છે. આ સિક્યોરિટીઝ તેમના/તેણી/તેમના દ્વારા ખરીદવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમના/તેણી/તેમના પક્ષમાં ટ્રાન્સફર કરી શકાઈ ન હતી.

| અનુ નં. | ફોલિયો નં. | સુરક્ષા પ્રકાર અને મૂળ કિંમત | શેરધારકનું નામ | શેરધારકનું નોંધાયેલ સરનામું | સિક્યોરિટીઝ નં. | પ્રમાણપત્ર નંબર | સૂચિત ટ્રાન્સફરીનું નામ | સૂચિત ટ્રાન્સફરીનું સરનામુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસઆર ૦૦૧૬૭૪ | ઈક્વિટી અને ફેસ વેલ્યુ રૂ. ૧૦/– દરેકના | સુશીલા એમ.પટેલ | ૨ હિમદર્શન એપાર્ટમેન્ટ, ભાઈકાકાનગર, થલતેજ, અમદાવાદ, ૩૮૦૦૫૧ | ૧૦૦ | ૦૨૧૨૮૨૦૧-૦૨૧૨૮૩૦૦ | ખાંટ અર્જુનભાઈ લાખાભાઈ | ખાંટ ફળિયા,જન્નદ, મહીસાગર,ગુજરાત ૩૮૯૨૬૦ |

ઉપરોક્ત સિક્યોરિટીઝના સંદર્ભમાં દાવો ધરાવનાર કોઈપણ વ્યક્તિએ આ તારીખથી ૩૦ દિવસની અંદર કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ, સર્વે નં. ૧૪૪ એ, જરોદ સમલાયા રોડ, હરિપુરા, સાવલી, વડોદરા, ગુજરાત, ૩૯૧૫૨૦ ખાતે આવી સિક્યોરિટીઝ નોંધાવવી જોઈએ અને આવા દાવાને સમર્થન આપતા યોગ્ય દસ્તાવેજી પુરાવા પણ આપવા જોઈએ, નહીં તો કંપની કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વિના સિક્યોરિટીઝ ટ્રાન્સફર કરવાની કાર્યવાહી કરશે.

ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ વતી
સહી/-શર્મિન સોની
કંપની સેક્રેટરી અને પાલન અધિકારી
ACS-75694

તારીખ : ૨૬-૦૬-૨૦૨૬
સ્થળઃ વડોદરા